# ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-004-004-2023-24 ના હુકમ સામે રીવ્યુ અરજી

કાર્યપાલક ઇજનેર પીજીવીસીએલ ભચાઉ

વિરુધ્ધ

શ્રી ચેતન કાનજી નિસર

ગામ ભચાઉ તાલુકો ભચાઉ ............સામાવાળા.

બાબત:- વીજ જોડાણ સમયસર ન કપાતા ખોટી રીતે થયેલ બીલીગને કારણે એરિયર્સ રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- (૧) વી.એ. પ્રજાપતી (નાયબ ઇજનેર ભચાઉ પેટા વિભાગ)
(૨) કે.એમ. ઝુલા ( નાયબ અધિક્ષક ભચાઉ પેટા વિભાગ)

સામેવાળાનાતરફે:-શ્રી ચેતન કાંનજી નિસર

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણીસ્થળ-પીજીવીસીએલવર્તુળકચેરી ભુજ
તા.: ૦૩/૦૪/૨૦૨૪

## ઠરાવ

<u>પીજીવીસીએલની રીવ્યુ અરજીમાં રજૂઆત નીચે મુજબ છે.</u>

૧. ગ્રાહક ફરિયાદ નીવારણ ફોરમ ના કેશ નં.પીજી/૦૪/૦૦૪/૨૦૨૩-૨૪ના હુકમ સામે પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ રીવ્યુ અરજીમાં રજૂઆત એવી છે કે ગ્રાહકના વીજજોડાણ પેટે તા. ૧૦/૧૦/૨૦૧૮ સુધીના લેણા વસુલાત માટે ચુકાદો કરેલ પરંતુ વિલંબિત ચાર્જ ન લેવા જણાવેલ તે અંગે ગ્રાહક દ્વારા તા.૧૦/૧૦/૨૦૧૮ સુધીના બાકી રહેતા વિજ્બીલોની રકમની ચુકવણી તા.૨૮/૧૦/૨૦૨૩ ના રોજ થયેલ હોવાથી વીજ અધિનિયમ એપ્રિલ -૨૦૧૫ના ક્લોઝ નં.૬.૮૪ ની કલમ નં-૫૬ મુજબ વસુલ્યાપાત્ર રકમ જ ગ્રાહક પાસેથી વસુલવામાં આવેલ છે અને તેઓ દ્વારા તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ આ રકમ ભરપાઈ કરેલ હોવાથી તેઓ પાસેથી કંપનીના નિયમ વિલંબિત ચુકવણી ચાર્જ વસુલવા પાત્ર થાય છે.અને કાનુની નજરે ગ્રાહક અને પરવાનેદાર માટે એક સરખી હોય છે જે ધ્યાને લઇ ફેર વિચારણા કરી તારીખ ૧૦.૧૦.૨૦૧૮ સુધીની મુદલ તેમજ તે નાણા ભરપાઇ કરેલ ત્યાં સુધીનો વિલંબીત ચાર્જ વસુલવા માટે ફરીથી ચુકાદો કરવા યોગ્ય કરશો.

<u>બીજી તરફ સામાવાળા ની રજૂઆત નીચે મુજબ છે.</u>

૨. સામાવાળા શ્રી ની રજૂઆત એવી છે કે તા.૨૩/૦૨/૨૦૨૪ ફોરમ દ્વારા કરવામાં આવેલ હુકમમાં તેઓને નવું વીજજોડાણ કાયમી ધોરણેઆપવાની કાર્યવાહી તાત્કાલિક કરવા જણાવેલ પરંતુ તે વિજજોડાણ ૨૨ દિવસ બાદ તા.૧૬/03/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ છે, તેમજ તેમની પાસેથી વસુલવામાં આવેલ રૂ૭૫૦૦૦/- કયા સંદર્ભે કરેલ તે સ્થાનીક કચેરીએ જણાવેલ નથી.

3. સામાવાળા શ્રીના જણાવ્યા અનુસાર GERC Notification 8/2015,para 4.14 states that "The Licensee, on termination of agreement by either party shall refund security deposit after adjustment of dues ,if any within 30 days.

૪. સામાવાળા શ્રીના જણાવ્યા અનુસાર ઉપરોક્ત મુદ્દા-૦૨ માં જણાવ્યાનુસાર તા.૧૦/૧૦/૨૦૧૮ની સ્થિતિ એ બાકી રહેતી રકમ રૂ.૧,૦૭,૯૮૬.૩૭ પૈસા સદર ૨૮૪ વીજ જોડાણની અનામત રકમ રૂ.૧,૩૬,૧૦૦/- સામે સરભર કરી, તફાવતની રકમ રૂ.૨૮,૧૧૩/-

તથા તેઓએ તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ ભરપાઈ કરેલ રકમ .૭૫,૦૦૦/-, એમ, કુલ્લ .૧,૦૩,૧૧૩/- પરત કરવાનો કરેલ હુકમ યથાવત રાખવા વિનંતી કરેલ છે.

ફોરમ નુ તારણ

૫ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા પીજીવીસીએલ દ્વારા સદરહુ રીવ્યુ અરજી અત્રેના ફોરમ ન હુકમ જેમાં તારીખ ૧૦/૧૦/૨૦૧૮ (એટ્લે કે અરજદારે કરેલ પીડીસી ની અરજી પછી ૨૦૧૮ ની સ્થીતીએ અરજદાર ના બાકી લેણા ઉપર ડીપીસી ની રકમ વસુલ કરવી નહી એ સામે થયેલ છે.) પંરતુ પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદાર ના વીજ કનેક્શન ની પીડીસી ની અરજી ૧૦/૧૦/૨૦૧૮ પછી વર્ષ ૨૦૨૩ સુધી એટ્લે કે ૫ વર્ષ ના સમય ગાળા સુધી સદરહુ અરજદાર ની જમા રહેલ ડીપોઝીટ ની રકમ સદરહુ બાકી લેણા સામે સરભર કરવામાં આવેલ નથી અને જેમને કારણે સદરહુ બાકી લેણા રહી જવા પામેલ છે.એમને અત્રેનુ ફોરમ નોધં લે છે. વધુમાં GERC (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડ્સમેન વિનિમયો ૨૦૧૯ જાહેર નામુ ૦૨/૨૦૧૯ કલમ નંબર ૨.૬૪ ૨.૬૫ અને ૨.૬૬ જે નીચે મુજબ છે.

**Review of Order**

2.64. Any person may file an application for review of order before the Forum, on ground of discovery of new and important matter or evidence which, after the exercise of due diligence, was not within his knowledge or could not be produced by him at the time when the order was passed or on account of some mistake or error apparent on the face of the record, within thirty (30) days of the date of the order, as the case may be.

2.65. The applicant shall in the application for such review clearly state the matter or evidence which, after the exercise of due diligence, was not within his knowledge or could not be produced by him at the time when the order was passed or the mistake or error apparent on the face of the record. The application shall be accompanied by such documents, supporting data and statements to substantiate such review.

2.66. When it appears to the Forum that there is no sufficient ground for review, the Forum shall reject such review application:

૬ આમા ઉપરોક્ત જાહેર નામા મુજબ પીજીવીસીએલ દ્વારા કોઇ નવાઆધાર પુરાવા જે ફોરમ દ્વારા હુકમ પસાર કરાયો તે સમય રજુ કરી શકાયા ન હતા અને નવા કોઇ પુરાવા રીવ્યુ અરજી માં રજુ થયા હોય એવુ સાબીત થતુ નથી.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

આમ પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ રીવ્યુ અરજી રદ કરવામાં આવે છે. અને અત્રેનીફોરમ દ્વારા કરવામાં આવેલ હુકમ નંબર કેસી/સીજીઆરએફ/૨૦૨૪/૩૪ તારીખ ૦૨/૦૩/૨૦૨૪ યથાવત રાખવામાં આવે છે.

- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૦૩/૦૪/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -3ત્રીજો માળ -બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫